સંયોગ ફૂલ છે, વિયોગ ફોરમ
- રાજચંદ્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૪ | ૧૫ માર્ચ, ૨૦૧૪, શનિવાર; ફાગણ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

**● ભાજપે ‘નમો ગુલાલ’ અભિયાન શરૂ કર્યું**


‘નમો ચાય’ બાદ ભાજપના



દિલ્હી એકમે લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને હોળી પહેલા ‘નમો ગુલાલ’ અભિયાન શરૂ કર્યુ છે. હરદ્વારમાં પાર્ટીએ ગુલાલના ૫૦ હજાર પેકેટ પર નરેન્દ્ર મોદીના ફોટા છપાવ્યા છે.

**● બ્રિટીશ પ્રાઈમ મિનિસ્ટર દીકરીને ખભા પર બેસાડી સ્કૂલમાં મુકવા જાય છે**

બ્રિટીશ પ્રાઈમ મિનિસ્ટર ડેવિડ કેમેરન પોતાની દીકરીને ખુબ



પ્રેમ કરે છે. તેઓ એક સામાન્ય માણસની જેમ જ ખભા પર બેસાડીને સ્કૂલમાં મુકવા જાય છે. તાજેતરમાં જ તેમની આ ચેષ્ટા કેમેરામાં ઝડપાઈ ગઈ હતી.

## જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ૯મી એપ્રિલથી વાર્ષિક પરીક્ષા

### ૨૦ એપ્રિલ સુધીમાં પરીક્ષા કાર્ય સંપન્ન કરવા તંત્રની શાળાઓને કડક સૂચના : મે ના પ્રથમ સપ્તાહમાં પરિણામો આવશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ૯મી એપ્રિલથી પરીક્ષાઓ શરૂ થશે અને ૧૭મી એપ્રિલ સુધી સંપન્ન કરી દેવામાં આવશે. જિલ્લાના ૧,૨૫,૯૦૦થી પણ વધુ બાળકો આ પરીક્ષા આપશે.

દ્વિતીય સત્ર મૂલ્યાંકન માટેનું સમયપત્રક તાજેતરમાં શિક્ષણ તંત્રના અધિકારીઓની મળેલી બેઠકમાં આખરી કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લાની ૬૨૫ પ્રા. શાળાઓમાં એક સાથે આ સંત્રાંત મૂલ્યાંકન યોજવામાં આવશે. ધો. ૧ અને ૨ ના બાળકોનું મૌખિક મૂલ્યાંકન કરવામાં આવશે. આવા બાળકોની સંખ્યા ૩૦ હજાર જેટલી છે.

ધો. ૩ થી ૬ના બાળકોને હેતુલક્ષી પ્રશ્નપત્રો આપી આ મૂલ્યાંકન કરવામાં આવશે જે ૧૦૦ ગુણનું હશે. આ પ્રશ્નપત્રો જિલ્લાકક્ષાએ જ તૈયાર કરવામાં આવશે.

ધો. ૬ થી ૮ના ૪૦ હજાર જેટલા બાળકોની લેખિત પરીક્ષા યોજવામાં આવશે. આ બાળકોની લેખન શક્તિનું મૂલ્યાંકન પણ ૧૦૦ ગુણોનું જ રહેશે. આ માટે તેમને પ્રશ્નપત્ર અને ઉત્તરવહી આપવામાં આવશે.

તંત્ર દ્વારા ૯મી એપ્રિલથી યોજાનાર આ મૂલ્યાંકન અભિયાનને અંતે મે ના પ્રથમ સપ્તાહમાં તેનું પરિણામ જાહેર થઈ શકે તે જોવા તંત્ર દ્વારા સૂચનાઓ જારી કરી દેવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## બે ગૃપોની ૪ કરોડથી વધુ બેનામી આવકની કબૂલાતની સંભાવના

**બીજા દિવસે પણ ઈન્કમેટેક્ષનું સર્ચ ઓપરેશન ચાલ્યુ : દસ્તાવેજોની ચકાસણી ચાલી રહી છે : ૪ કરોડથી વધુ બેનામી આવક મળી આવવાની સંભાવનાઓ**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરના બે બિલ્ડરોને ત્યાં ગઈકાલ બપોરથી ઈન્કમટેક્ષ વિભાગે હાથ ધરેલુ સર્ચ ઓપરેશન આજે બીજે દિવસે પણ ચાલુ રહ્યુ હતુ અને તે મોડી સાંજ સુધી ચાલશે તેમ મનાઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે આ સર્ચ ઓપરેશન દરમ્યાન કાળા નાણાંની આવક મોટી બહાર આવે તેવી સંભાવનાઓ સેવાઈ રહી છે. આ રકમ ૪થી ૫ કરોડ સુધી પહોંચે તેવી સંભાવનાઓ છે.

● અનુસંધાન પાન-૭ પર

## પડતર તુમારો અને તપાસના પ્રકરણો સમય મર્યાદામાં પૂર્ણ કરવા તાકીદ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પડતર તુમારો અને ખાતાકીય તપાસ સહિતના કેસોના ઝડપી નિકાલ માટે આજે જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિકટર મેકવાને શાખા અધિકારીઓની સમીક્ષા બેઠકમાં તાકીદ કરી હતી.

જિલ્લા પંચાયતમાં ફાઈલોના વર્ગીકરણ માટેની આપેલી સૂચના પછી આજે શાખાધિકારીઓ સાથે યોજેલી સમીક્ષા બેઠકમાં તેમણે તુમારોના નિકાલ માટે તેમજ ખાસ કરીને યોજનાઓના અમલીકરણમાં થયેલી કામગીરી સહિતની વિગતો તૈયાર કરવા પણ જણાવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ઓડિટ પેરાઓ જે ઘણા સમયથી પડતર છે તેના નિકાલ માટે પણ આ બેઠકમાં તાકીદ કરી હતી એટલું જ નહિ પેન્શનના જે કેસો પડતર હોય તેના માટે પણ એટલું જ ધ્યાન આપવામાં આવે તેવો આગ્રહ કર્યો હતો.

શિક્ષકોના ઉચ્ચતર પગાર ધોરણના તેમજ કર્મચારીઓના પણ આવા પ્રકરણો બાકી હોય તો તેના પર ધ્યાન કેન્દ્રીત કરવા તેમજ શ્રી સી ની પરીક્ષા જે કર્મચારી અધિકારીઓની બાકી હોય તેવા કર્મચારીઓને પણ સમય પ્રમાણે તાકીદ કરવામાં આવે તેમ જણાવ્યું હતું.

આજની આ બેઠકમાં તેમણે ૧૩મા નાણાપંચના તેમજ સભ્યોના વિકાસ કામો જેને વહીવટી અને તાંત્રિક મંજૂરી આચાર સંહિતા પહેલા અપાઈ ચૂકી હોય તેવા કામો સમય મર્યાદામાં પૂર્ણ થાય તે જોવા પણ જણાવ્યું હતું.

તેમણે અધિકારીઓને સમય મર્યાદામાં પ્રશ્નોના નિકાલનો આગ્રહ કરી અને તંત્રને વધુ પ્રજાભિમુખ બનાવવા પર ભાર મુકયો હતો.

## મનપાની સ્થાયી સમિતિ ૧૯મીએ મળશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક આગામી ૧૯મીના રોજ મહાનગરપાલિકા ખાતે મળશે.

સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં મળનારી આ બેઠકમાં ત્રણ વર્ષની મિલ્કતવેરાની આવક, વ્યવસાયવેરાની આવક સહિતના મુદ્દાઓ અંગે સમીક્ષા કરવામાં આવશે.

આ બેઠકમાં મનપાના કેટલાક મહત્વના આવકના સ્ત્રોતોને કેવી રીતે સઘન બનાવવા તેના પર ગંભીર ચર્ચાઓ થશે. આ ઉપરાંત બજેટમાં ૧૨-૧૩ અને ૧૩-૧૪ની નાણાંકીય જોગવાઈઓ અંગે અને થયેલ ખર્ચની સમીક્ષા કરવામાં આવનાર છે.



જળ એ જ જીવન - ઉનાળાનો આરંભ થઈ ગયો છે... સવારથી તાપ પડવાનું શરૂ થઈ જાય છે... બપોરે તો તાપ આકરો લાગે છે... ભારતીય સંસ્કૃતિમાં પરંપરા રહી છે કે, વટેમાર્ગુ માટે પાણીની પરબ બનાવી રાહદારીઓની તરસ છીપાવી પુણ્ય પ્રાપ્ત કરવું.... ગાંધીનગરમાં પણ સેવાભાવી સંસ્થાઓ અને નગરજનો દ્વારા મુખ્ય માર્ગો પર પાણીની પરબ બનાવી રાહદારી - વટેમાર્ગુની તરસ છીપાવી રહ્યા છે... અને જ્યારે તરસ્યા વટેમાર્ગુની તરસ છીપાય છે, હાશકારો થાય છે ત્યારે જ સમજાય છે કે, જળ એ જ જીવન છે... (તસવીર : દિપક જાની)

